

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચાણક્યો બેઠા બે, ટ્રંપને ચૂંટણીની ચિંતા નથી!*
*ને ઓથ છે અમેરિકાની, ચિનાઓની ચિંતા નથી!*
*બાંધેલો છે પટ્ટો ડોકે રાજયપાલોની ચિંતા નથી!*
*'લોકડાઉન' છે હાથવગું - પ્રજાની ચિંતા નથી!*

હાઈકુ

*પાંજરે પૂરી -*
*ભસે છે લોકશાહી -*
*એનો શું ડર?!*

*પટાવો ફોડો -*
*ડરાવો - ધમકાવો -*
*બાંધી ધો ખેસ!!*

### ચિંતન

**યા મેધાં દેવગણાઃ પિતરશ્ચોપાસ્તે ॥**

**ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.**

**હે ઈશ્વર !! વિદ્વાન, તત્ત્વદર્શી તથા આત્મજ્ઞાની પુરુષો જે મેધાવી બુદ્ધિ દ્વારા સંસારમાં શ્રેષ્ઠ કર્મો કરે છે તેવી મેધાવી બુદ્ધિ અમને પણ આપો.**

**જેની બુદ્ધિ તેનું બળ. આપણે પરમપિતા પરમેશ્વર પાસે એવી બુદ્ધિ માંગવી જોઈએ કે જે શુદ્ધ અને પવિત્ર હોય આપણને દુર્ભાવનાઓથી મુક્ત કરી, કુમાર્ગથી બચાવીને સન્માર્ગ પર લઈ જઈ શકે. એવી બુદ્ધિને 'મેધા' કહેવામાં આવી છે. તે સત્ય, અસત્ય, નીતિ-અનીતિ વચ્ચે વિવેકપૂર્ણ રીતે ભેદ તારવીને આપણને અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢીને સદ્જ્ઞાનના પ્રકાશ તરફ લઈ જાય.**

**પરમેશ્વરની ઉપાસનાનો મુખ્ય એ જ છે કે પ્રભુ આપણને મેધાવી અને તત્ત્વ દર્શી બનાવે, જેના દ્વારા આપણને સાચુ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય અને સત્ય આચરણ કરવાની પ્રવૃત્તિ જાગૃત થાય. મેધા બુદ્ધિ જ આપણા આત્મબળમાં વૃદ્ધિ કરે છે કે વિપરિત પરિસ્થિતિઓમાં પણ આપણે સત્ય માર્ગની વિચલિત થતા નથી. અને ચંચળ મન પણ વશમાં રહે છે અને ક્રોધ, ભય, ઈર્ષ્યા, નફરત, વાસના, લોભ, દંભ, મોહ વગેરે મનોવિકારો શાંત થઈ જાય છે.**

### સુવિચાર

- આત્માને તો જાણ હોય છે કે પોતાને કેવી રીતે શાંત રહેવું, ખરો પડકાર તો મનને શાંત રાખવામાં છે - **કેરેલાઈન મેસ**
- બીજ જયારે ફળે છે ત્યારે કોઈ અવાજ આવતો નથી પણ ઝાડ પડે છે ત્યારે અવાજ આવે છે - **કન્ફ્યુશિયસ**
- આપણામાં રહેલી આળસની સજા ફક્ત આપણી નિષ્ફળતા જ નથી બલ્કી બીજાની સફળતા પણ છે - **જૂલ્સ રેનોલ્ડ**
- સફળતા કયારેય આખરી નથી હોતી અને નિષ્ફળતા કયારેય ઘાતક નથી હોતી, જેનો કંઈક અર્થ છે તે સાહસ છે, બસ, સાહસ કરતાં રહો - **જ્હોન વુડન**
- મેરે ફિસલને કા કારણ ભી હે યહી શાયદ... કિ હર કદમ મૈં બહુત આજમાં કે રખતા થા - **વિવેક જ્ઞાનપ્રકાશ**
- સારાં પુસ્તકો વાંચવા એ સારી વ્યક્તિઓ સાથે સંવાદ કરવા જેવું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : જવના લોટમાં દૂધ મેળવી તે પેસ્ટને ચહેરા પર ઘસવાથી ચારેક અઠવાડિયામાં ચહેરા પરના વાળ દૂર થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મુલ્લા નસીરૂદીન ગામના ચોકમાંથી નીકળ્યા ત્યારે એમને એક અજાણ્યા માણસે કહ્યું, 'મુલ્લા, આપ તો ખૂબ શાણા અને પવિત્ર માણસો છે. અમને તમારા શિષ્ય બનાવો. અમને શીખવો કે અમારે અમારું જીવન સારું બનાવવા કેવા ઉપાયો કરવા જોઈએ?' મુલ્લા કહે 'પહેલો પાઠ એ છે કે તમારા પગમાં પંજા અને ચંપલની ખુભ સંભાળ રાખવી જોઈએ. પગ હંમેશા ચોખ્ખા રાખવા અને ચંપલ કદી તૂટેલા ફુટેલા ન પહેરવા જોઈએ.' પેલા માણસે મુલ્લાના પગ તરફ નજર કરીને જોયું તો... મુલ્લાના પગ સાવ ગંદા હતા. અને એમના ચપ્પલ પણ તૂટેલા હતા. પેલા માણસથી રહેવાયું નહીં. એણે કહ્યું, 'મુલ્લા, તમારા પંજા તો જુઓ, કેવા મેલા છે. ને ચંપલ તો સાવ ફેંકી દેવા જેવા છે. તમે ખુદ વાતનો અમલ કરતા નથી એ બાબતની શિખામણનો અમલ અમારી પાસે કરાવવાની અપેક્ષા શી રીતે રાખી શકો?' મુલ્લા બોલ્યા, 'અરે, ભાઈ... શું હું તમારી જેમ ગામમાં જેને ને તેને પૂછશો ફરું છું કે મારે મારું જીવન કેવી રીતે જીવવું જોઈએ ?' આ કટાક્ષમાંથી તારણ એ નીકળે છે કે... 'અપ્પ દિવો ભવઃ' તું જ તારો દીવો થા... જીવનની બીજી વ્યક્તિએ ખુદ-પોતે જ સંભાળવાની હોય એ માટે કંઈ બીજા પર આધાર રાખવો ન હોય. ટૂંકમાં...'TAKE CHARGE OF YOUR LIFE'

# ગાંધીનગર : હેપી બર્થ ડે ગ્રીનસીટી !

**તંત્રીસ્થાનેથી...**

મહાત્મા ગાંધીને સપનું પણ નહીં આવ્યું હોય કે એમની કર્મભૂમિ અને જન્મભૂમિ ગુજરાત કયારેક મુંબીના પ્રભાવથી મુક્ત થઈ એની આગવી ઓળખ ઊભી કરશે. ગુજરાતને 'મહાગુજરાત' નો મહિમાવંતો દરજ્જો આપી ગાંધીજીના જ સાથી ઈંદુલાલ યાજ્ઞિકે અલગ રાજયની માગણીનો બૂંગિયો ફૂંક્યો અને નર્મદનું ચિર પ્રતીક્ષિત સપનું - 'ગરવી ગુજરાત' - સ્વરુપે સાકાર થયું. પરંતુ ગુજરાતના પાટનગર તરીકે વસતિના કીડિયારા જેવી વાણિજ્યનગરી અમદાવાદ પર મહોર મારવાને બદલે એનાથી બહુ દૂર નહીં એમ આવ અડોઅડ પણ નહીં એવા ઠેકાણે નવા પાટનગર માટેની શોધ આરંભાઈ અને સાબરમતીના સંતની સ્મૃતિ અકબંધ રહે એ રીતે સાબરમતીના જ કાંઠા પર નવા પાટનગરનાં મંડાણ થયાં. જીઈબી કોલોનીના ગેસ્ટ હાઉસ ખાતે પહેલી ઈંટ મુકાઈ એ દિવસને આપણે ગાંધીનગરનો જન્મદિવસ ગણીને ઊજવીએ છીએ પરંતુ ગાંધીનગરનો વાસ્તવિક જન્મ અથવા કહો કે એનું ગર્ભાધાન તો મોરાજી દેસાઈ જેવા વરિષ્ઠ રાજપુરુષના દિમાગમાં ઘણું વહેલું થઈ ગયું હશે ! ગાંધીનગર નામ વાળા વિસ્તારો દિલ્હી સહિત દેશનાં ઘણાં શહેરોમાં હોવાના. આખરે ગાંધીજીને આપણે રાષ્ટ્રપિતા તરીકે સ્વીકાર્યા છે - એટલે એમની પ્રતિમાઓની જેમ એમના નામની વસાહતો પણ રચાતી રહે તે સ્વાભાવિક છે. રામપુર નામનાં અસંખ્ય ગામો આ દેશના એકેએક પ્રદેશમાં પથરાયેલાં છે. કૃષ્ણનગર નામની સોસાયટીઓનો આંકડો હજારોમાં પહોંચે. ગાંધીજીના જ નામ પર કચ્છમાં પાકિસ્તાનના સિંધ પ્રાંતમાંથી આવેલા નિરાશ્રિતો માટે 'ગાંધીધામ' શહેર વસી ગયું હતું જે અત્યારે કચ્છનું સૌથી સમૃદ્ધ નગર ગણાય છે. પરંતુ આપણું આ ગાંધીનગર તો શરૂઆતમાં ફક્ત વસાહતીઓ અને કર્મચારીઓનું નગર હતું. આસપાસના ગામોની જમીન સંપાદિત કરી અને સેકટરોમાં વહેંચી તત્કાલીન મુખ્ય સ્થપતિ એચ. કે. મેવાડા એને પંજાબની નવી રાજધાની ચંડીગઢના પૅટર્ન પર ડિઝાઈન કરી રહ્યા હતા. ડિઝાઈન થઈ ખરી, પણ અદલ ચંડીગઢની નકલ ન ઊતરી શકી. કાળક્રમે ગાંધીનગર ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી આવતા કર્મચારીઓ અને ઉત્તર ગુજરાતના નિવાસીઓથી એ ઊભરાવા લાગ્યું. આજે એ ગુજરાતનું સૌથી સુંદર રહેવાલાયક મહાનગર ગણાય છે. સરકારી નગર હોવાને કારણે એ બીજાં શહેરોની સરખામણીમાં સ્વચ્છ રહે છે. વળી વન વિભાગે એને ટૉપ પ્રાયોરિટીમાં લઈ વનરાજિથી શણગાર્યું છે. એક તબક્કે એ વિશ્વનાં પહેલી હરોળનાં હરિયાળાં શહેરોની યાદીમાં મુકાતું હતું. ધીરે ધીરે સિમેન્ટ કોંક્રીટનાં જંગલ વિસ્તરતાં જાય છે અને કુદરતી સૌંદર્ય ધરાવતું હરિયાળું નગર નજીકના અમદાવાદ મહાનગરનું ટ્વિન સિટી બની રહ્યું છે. છેલ્લે તો આસપાસનાં ઘણાં બધાં ગામો અને નવા ગાંધીનગર તરીકે વિકસેલા વિસ્તારો એમાં ઉમેરાતાં એની મૂળ હરિયાળી ઓળખ ઝાંખી પડી રહી છે. જો કે એણે રાજધાની કે મહાનગર કરતાં મૂઠી ઊંચેરી ઓળખ જરૂર કેળવી લીધી છે. અહીં રાજયનાં વડોદરા અને ભાવનગર જેવાં સાંસ્કૃતિક નગરોની સ્પર્ધા કરી શકે એવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થતી રહે છે. સાહિત્યનગરી તરીકેની ઓળખ ઊભી થઈ શકે એટલા સર્જકો અહીં વસે છે. વસાહતી મંડળો પોતપોતની આગવી શૈલીમાં સેવાકાર્યો કરે છે. અહીં મહાત્મા મંદિર છે, અક્ષરધામ છે, બોરીજનું જૈન મંદિર છે, એકવીસની મસ્જિદ છે અને ગુરુદ્વારા તથા ચર્ચો છે. પંચદેવ મંદિરને સ્વાભાવિક રીતે જ તીર્થનું બહુમાન મળતું રહ્યું છે. અનેક શિવાલયો છે, હનુમાનજીનું મંદિર છે, અંબાજી અને ઉમિયા મંદિર છે. વિવિધ સમાજોની વાડીઓ છે. સૌથી મોટું આકર્ષણ ઉદ્યાનોનું છે. ઈંદ્રોડાનું પ્રકૃતિ ઉદ્યાન છે અને સરિતા ઉદ્યાન છે કે સેકટર-૨૮નો બગીચો કેમ ભુલાય ! રેલવે દ્વારા વર્ષો સુધી ઉપેક્ષિત ગાંધીનગરને ભવ્ય રેલવે સ્ટેશન અને એની સાથે ફાઈવસ્ટાર હોટલ સાંપડી રહી છે. ગાંધીનગરની રાજનગરી કરતાં વધુ મોટી ઓળખ હવે વિદ્યાનગરી તરીકે થઈ ચૂકી છે! ગણી ગણાય નહીં એટલી યુનિવર્સિટીઓ અને શાળાઓ ઉપરાંત ઉદ્યોગક્ષેત્રે હરણફાળ સમી ગિફ્ટ સિટી અને લોકપ્રિય માર્કેટ - ટેકનોલોજીના હબ સમુ ઈન્ફોસિટી... ગાંધીજી પણ ભૂલથી આવી ચડે તો એમને નવાઈ લાગે કે શું મારા નામ પર આવું પાટનગર પણ વિકસી શકે! સમયની બલિહારી છે.

# દરેક એવોર્ડનું પોતીકું ગૌરવ ને ગરિમા હોય છે!



**આરપાર**

રાઘવજી માધડ

ચરોતરના 'મોતી' સમાન શ્રી મોતીભાઈ અમીનનું પુસ્તકાલય ક્ષેત્રે વિશિષ્ઠ પ્રદાન બદલ મહારાજા સયાજીરાવ ગાયકવાડે સન્માનરૂપે રૂપિયાની એક થેલી મોકલી આપી.મોતીભાઈએ સવિનય અસ્વીકાર કર્યો,પણ પછી સ્વીકારવી પડી.તેથી થેલીમાં અમુક રકમ ઉમેરી મોતીભાઈએ એક શિક્ષણ સંસ્થાને મોકલી આપી. અને તેમાં ચિઠ્ઠી મૂકી, લખ્યું હતું : શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ તરફથી ભેટ.

એવોર્ડ, સન્માનનો સવિનય અસ્વીકાર કરવાના આપણે ત્યાં ખુમારીભર્યા અનેક બનાવો બન્યા છે. અને સામેથી આવું સન્માન,એવોર્ડ મેળવવાના કારસ્તાન કરવાના કિસ્સા પણ ઘણાં છે.જયારે કોઈ સમાજ, સંસ્થા યોગ્ય વ્યક્તિનું ઉચિત સમયે સન્માન કરે તે સુશિક્ષિત ને દીક્ષિત સમાજની ખરી ઓળખ ગણાય.

આપણે ત્યાં કલા, શિક્ષણ, સાહિત્ય, સમાજસેવા... જેવા વિવિધ ક્ષેત્રોમાં વિશેષ પ્રદાન બદલ વ્યક્તિને એવોર્ડ, પારિતોષિક...વગેરેથી સન્માનિત કરવાની પરંપરા છે.તંત્ર અને વિવિધ સંસ્થાઓ દ્વારા વ્યક્તિને વિભૂ ષિત કરવાનું સ્તુત્ય કાર્ય વંદન અને અભિનંદનને પાત્ર છે. તેનાથી સર્જન-કલાને ઉત્તેજન મળે છે.

પણ મોટાભાગના એવોર્ડ,પારિતોષક માટે વ્યક્તિએ ચોક્કસ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.અમુક સાધનિક પુરાવા સાથે અરજી, આવેદનપત્ર ઓનલાઈન આપવું પડે છે. ટેકનોલોજીનો સદઉપયોગ પ્રશંસા પાત્ર છે.પણ કલાના પાયામાં લાગણી,કૌશલ્ય ને સંવેદના રહેલી હોય છે.જે ઓનલાઈન કેવી રીતે ટ્રાન્સફર થઈ શકે ? ઘણાં કામ કાગળમાં નહીં,જાતે જોવા, અનુભવવા પડે. વળી હોદ્દાની રૂએ મૂલ્યાંકનકાર હોવું, ને અનિવાર્યપણે હાજર-ગેરહાજર રહેવું એ પણ ક્યારેક ખરાપણાની ખોટ ખવરાવતું હોય છે.તેથી આ પ્રક્રિયા હવે ફેરવિચારણા માગી રહી છે.એવોર્ડ પસંદગી માટે થર્ડપાર્ટી મૂલ્યાંકન પણ થઈ શકે.જેથી ખોટા ખસી જશેને સાચા સામે આવશે.ઘણી સ્વમાનીને સન્માનપાત્ર વ્યક્તિ સામેથી આવેદનપત્ર આપવામાં ખસી જાય છે. તેમના માટે સ્વમાન ને કાર્યસંતોષ જ મોટો એવોર્ડ હોય છે !

કોઈ વ્યક્તિ એવોર્ડ થકી ઓળખાય ને કોઈ એવોર્ડ વ્યક્તિ થકી ઓળખાતો હોય છે. કોણ એવોર્ડ આપે છે,કોના દ્વારા આપે છે... ને કયા કાર્ય બદલ આપે છે તે અતિ અગત્યનું હોય છે. અને ક્યારેક પ્રશ્ન પણ થાય છે કે એવોર્ડ, સન્માન, પારિતોષિક મળ્યા પછી શું ? જે સેવા-કાર્ય,કલા-સર્જન કે કૌશલ્ય માટે કદર થઈ, સન્માન મળ્યું હોય,તેમનું ઉત્તરદાયિત્વ બને છે કે,જે કર્યું તેનાથી સવાયું કામ, કલા-સર્જન કરી બતાવવું !

દરેક એવોર્ડનું પોતીકું ગૌરવ ને ગરિમા હોય છે.તેની જાળવણી થવી જોઈએ. એવોર્ડમાં ધન રાશીનું પણ એક મૂલ્ય હોય છે. કારણ કે આપણે ત્યાં માત્ર કલા-સર્જન આધારે કલાકાર જીવનનિર્વાહ થઈ શકે એવું ઓછું બને છે.તેથી ધનરાશી પણ એટલી જ મહત્વની બને છે.માત્ર પ્રશંસા, પારિતોષિક કે પ્રમાણપત્રથી પેટ ભરી શકાતું નથી.

ઘણી વ્યક્તિ ઈચ્છતી હોય છે, તેનાં કામની યોગ્ય વ્યક્તિ દ્વારા કદર થાય. ભલે એવો ખાસ એવોર્ડ કે પુરસ્કાર આપવામાં ન આવે, શબ્દોથી પણ કદર થાય. અરે...સમજદાર સામે તો માત્ર સ્મિતથી તેનાં કાર્યની કદર થઈ શકે છે. કોઈના સારા કાર્યની કદર કરવાથી સરવાળે વ્યક્તિ, સંસ્થા અને સમાજને ફાયદો થતો હોય છે.હા,કોઈ અયોગ્ય વ્યક્તિને મળેલું કે આપેલું પ્રમાણપત્ર ભારે નુકશાનકર્તા નીવડતું હોય છે. તેથી એવી કોઈ વ્યક્તિને આવાં લટકણીયાં લટકાવતાં, ભટકાવતાં ને પછી છટકાવતાં પણ હોય છે !

છેલ્લે :

વિષધર કે ફણીધર સાપની ફેણ કરતાં ખોટા માણસની તરફેણ વધુ ઝેરી અને ખતરનાક હોય છે.

- ra_madhad13@yahoo.com

# ॥ મેં શિવ હૂં ॥ કલા, સ્વર-સંગીત અને ભક્તિનો મહોત્સવ



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતી સિનેમા છેલ્લા કેટલાક વર્ષોથી વેન્ટિલેટર ઉપર છે. ગુજરાતની છ કરોડની વસ્તીમાંથી એક ટકો એટલે કે છ લાખ લોકો પણ ગુજરાતી ફિલ્મો જોતા નથી. આવી અવદશાનું કારણ સૌ જાણે છે. ગુજરાતી ફિલ્મોની અવાસ્તવિક કથાઓ અને અવાસ્તવિક અને હાસ્યાસ્પદ અભિનય અને કલાકારો. એવું નથી કે ગુજરાતી રંગભૂમિમાં સારા અભિનેતાઓ નથી. પરંતુ એમને કોઈ મોટી ફિલ્મો કે બેનર મળતું નથી અને જેઓ ૨૫/૩૦ વર્ષોથી નાટકો અને ફિલ્મો બનાવે છે એને કોઈ જોતું નથી. પરિણામે હવે અહી જે કાંઈ બને છે તે સરકારી યોજનાઓને, સહાયને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. જેથી એ લેવલથી કોઈ કલાકાર આગળ જ જઈ શકતો નથી. ગુજરાતી ઢોલીવુડમાં આજકાલ વિડીઓ સોંગની પણ રમઝટ ચાલે છે. પાંચ દસ મિનિટોના સોંગ માટે આઠ દસ દિવસના આઉટડોર શૂટિંગના શિડ્યુલ અને એમાં ચાલતું ટેલેન્ટ કાઉચનું મસમોટું તૂત પણ અનેક ટેલેન્ટેડ યુવતીઓની કારકીર્દિ ખતમ કરી નાખે છે. આવા સમયે કેટલીક ઉત્તમ ગુજરાતી ફિલ્મો 'કેવી રીતે જઈશ' થી 'હેલ્લારો.' સુધી આવી. પણ આ બધી ફિલ્મો ક્લાસ માટે હતી, માસ માટે નહીં. તેથી જોઈએ તેટલું કલેક્શન ના મેળવી શકી. અને વિડીઓ ગીતોમાં તો જેના રૂપિયા એ રાજા... એ ધોરણે અનેક પ્રકારના વેપાર ચાલી રહ્યા છે. અને આજની ગુજ્જુ યુવતિઓને રાતોરાત દીપિકા પાદુકોણે કે આલિયા ભટ્ટ બની જવું છે તેથી તે કશું જ વિચાર્યા વિના ગમે તેવા લોકોની સાથે જોડાઈને કેમેરા સામે આવી જાય છે.




ત્યારે આવા વાતાવરણમાં શ્રી જયમીન ત્રિવેદી અને મહેન્દ્ર પ્રજાપતિની જોડી ? મૈં શિવ હૂઁ ? હિંદી વિડીયો ગીત લઈને આવે છે. આ વિડીયો સોંગનું પોસ્ટર જ દર્શાવે છે કે અહી ભરપુર કલા અને શિવભક્તિ છે. આ વિડીયો સોંગ જોવાનો અને માણવાનો આનંદ એ માટે થયો કે આનું નિર્માણ કરનાર બધા કલાકારો મારા નાટકોની ટીમના છે. આ બધાને આરંભથી સંઘર્ષ કરીને આગળ વધતા મેં જોયા છે. પણ આટલા બધા આગળ વધી જશે એની કલ્પના નહોતી. ? મૈં શિવ હૂઁ ? એ કોઈ સામાન્ય વિડીયો સોંગ નથી. હિંદી ફિલ્મના કોઈ મોટા દિગ્દર્શકને પણ બનાવતા તકલીફ પડે એવું અદભુત નિર્માણ છે. સૌ પ્રથમ તો આ ગીતનું જયમીન દ્વારા થયેલું કમ્પોઝિશન અને એનો પહાડી સ્વર આ ગીતને શિવતત્વની સમીપ પહોંચાડે છે. કેમ કે એમાં ક્લાસિકલ સ્વરો ગૂંજે છે તો આજનું રેપ સંગીત પણ મિક્સ કરીને બે યુગના સ્વરોના પડઘા જોવા અને સાંભળવા મળે છે. આવો સમન્વય આજે ભારતભરમાં ભાગ્યે જ જોવા મળે છે. અને એ પણ કોઈપણ જાતની તાલીમ લીધા વિના આપણી આસપાસનો એક યુવાન આવી સિદ્ધિ મેળવે તો એનું ગૌરવ હોય જ. આનું દિગ્દર્શન મહેન્દ્ર પ્રજાપતિનું છે. ગુજરાતની રંગભૂમિ ક્ષેત્રે ભાગ્યે જ એવો કોઈ નાટ્ય કલાકાર હશે જે મહેન્દ્રને નહી ઓળખતો હોય. આ કલાકારે ? મૈં શિવ હૂઁ ? નું અદભુત દિગ્દર્શન કરીને પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો છે. કેમેરાના એંગલો, શબ્દ, સ્વર, સૂર અને ભાવ પ્રમાણે દશ્યોને દશ્યબદ્ધ કરીને મહેન્દ્રએ કમાલ કરી છે. મોટી ફિલ્મોના દિગ્દર્શકની જેમ આ માત્ર સાડા પાંચ મિનિટના સોંગમાં જે પ્રાકૃતિક ભવ્યતા ફિલ્માવાઈ છે તે જ આખા ગીતને સૌન્દર્ય બક્ષે છે. ગીતના શબ્દો અને પાર્શ્વભૂમાં ગૂંજતા સંગીતના સ્વરો સાથે કેમેરાના દશ્યોનું ભાવાનુસંધાન કાવ્યાત્મક બને છે. અહી ભલે શિવનું તાંડવ નથી પણ ગૂંજતા મૃદંગ અને ગાયકોના સ્વરમાં તાંડવપણું છે. દિગ્દર્શક તરીકે અહી એક બાબતનું ધ્યાન રાખવાની વધુ જરુર હતી કે અહી બધા કલાકારોની દાઢી નકલી છે. અને એ નકલી દાઢી જ્યારે ક્લોઝપ સીન લેવાય છે ત્યારે સ્પષ્ટ કાળી પેન્સિલથી બનાવેલા વાળ દેખાઈ આવે છે. જ્યારે આવડા મોતા પ્રોજેક્ટ પર કામ કરતા હોઈએ ત્યારે બધી જ બાબતો વાસ્તવિક હોય તો વધુ સારું. અને અસલી દાઢી રાખવી એ સરળ કામ છે. એકાદ મહિના પહેલાથી આ ધ્યાન રાખી શકાયું હોત.

તો વળી આજથી બારેક વર્ષ પહેલા મારા નાટક '' છિન્નમસ્તા '' માં એક સાવ નાનો રોલ કરનાર કલાકાર કલ્પેશ થાપાની કોરિયોગ્રાફી પણ આ ગીતની પૌરાણિક આભા ઊભી કરે છે. એક સામાન્ય કલાકારને પણ જો યોગ્ય પ્લેટફોર્મ અને ટીમ મળે તો ઉત્તમ કામ કરી શકે છે એનું આ કલ્પેશ ઉદાહરણ છે. આવા પૌરાણિક ઐશ્વરિય પાત્રની કોરિયોગ્રાફી કરવી એ કઠિન કાર્ય છે. પણ કલ્પેશ એમાં સફળ નીવડે છે. સમગ્ર ગીતને સ્વર જયમીન અને સાગરે આપ્યો છે. તો વળી અભિનય પણ આ બન્ને કલાકારો તથા ક્રિષ્ના જોશીએ આપ્યો છે. એક સંગીતકાર, સ્વરકાર અને અભિનેતા..એમ ત્રિવિધ ભૂમિકામાં જયમીન ત્રિવેદી એકદમ પ્રભાવી છાપ છોડે છે. તો વળી પ્રોગ્રામિંગ અને સંગીત સંકલન ધવલ કાપડિયાએ કરીને એક સાથે અનેક મૃદંગોના સ્વરને પહાડોની વાદિઓમાં ગૂંજતા કર્યા છે. સમગ્ર ગીતમાં ખેડબ્રહ્માની પોળો અને પ્રકૃત્તિની ભવ્યતાને કેમેરાબદ્ધ કરીને, શ્રાવણ મહિનામાં શિવતત્વને જીવંત કરવામાં આ ટીમ સફળ રહી છે. ડ્રોન કેમેરાનો ઉપયોગ અને એકદમ સ્ટીલ વિડીયોગ્રાફી આ ગીતને એક ઊંચાઈ બક્ષે છે.

જે પણ વ્યક્તિ આ ગીત એકવાર જોવે છે એ જીવનભર આ ગીતના સ્વરને, સંગીતને, દશ્યોને અને કલાને ભૂલી નહીં શકે. વળી આ વિડીયો સોંગની એક વિશેષતા એ પણ છે કે આમાં એક પણ હિરોઈન કે ગ્લેમર નથી. છતાંય એક દિવસમાં આ ગીતને યુટ્યુબ પર છ હજારથી વધુ લોકોએ જોઈને પસંદ કર્યો છે. તેથી એ પણ સાબિત થાય છે કે ગ્લેમર જ બધુ નથી. કલાને પણ લોકો ચાહે છે, સમજે છે. માટે આજની યુવા અભિનેત્રીઓએ એ પણ સમજવું જોઈએ કે કોઈપણ જાતની કલા વિનાના હજારો વિડીયો સોંગમાં કામ કરવા કરતા આવા બે ચાર વિડીયો સોંગમાં કામ કરવાથી જ પોતાની પ્રતિભાનેન્યાય મળશે અને લોકોમાં લોકપ્રિયતા વધશે અને શક્ય છે કે કોઈ મોટી ફિલ્મના બેનરમાં જગ્યા મળે. કેમ કે તમારા કામને આ ક્ષેત્રની મોટી મોટી હસ્તીઓ જોતી હોય છે. તેમને પણે નવા ચહેરા અને નવી પ્રતિભાની ખોજ હોય જ છે. તેથી કવરને કારણે ભઁવરમાં ફસાઈ જવા કરતા ભલે ઓછું કામ મળે પણ ક્વૉલિટી અને યોગ્ય વ્યક્તિઓની ટીમ હોવી પણ જરુરી છે.

? મૈં શિવ હૂઁ ? ની પુરી ટીમને અભિનંદન. અને એક સૂચન કે હવે પછી ભવિષ્યમાં આનાથી નીચેની ક્વોલિટીના વિડીયો સોંગ ના બનાવવા. કેમ કે એક હજાર સામાન્ય વિડીયો સોંગ કરતા આ ? મૈં શિવ હૂઁ ? એક જ સોંગ વર્ષો સુધી જીવશે.

- 9426060601.india@gmail.com

# 'દોસ્તી આમ હૈ લેકિન એ દોસ્ત, દોસ્ત મિલતા હૈ બડી મુશ્કિલ સે'!



**રજળપાટ**

અજય ઉપાધ્યાય

'જીંદગી ઈમ્તિહાન લેતી હૈ, દોસ્તી ઈમ્તિહાન લેતી હૈ, દોસ્તો કી જાન, દોસ્તો કી જાન, દોસ્તો કી જાન લેતી હૈ.' હિન્દી હિટ ફિલ્મ 'નસીબ' નું આ ગીત ભલે ફિલ્મમાં જે કોઈ પણ સિચ્યુએશન માટે ગવાયું હોય પણ જીંદગીની ઈમ્તિહાનમા બોલે તો દોસ્તીની એક્ઝામમાં આ પહેલા પ્રશ્ન ફરજિયાત જેવુ છે. જિંદગી તો પરિક્ષાયું લેતી જ રહેતી હોય છે પણ દોસ્તી અને દોસ્તીનો સંબંધ એક એવી ઘટના - લાગણી છે કે જેમાં અચૂક પરીક્ષાઓ આવતી રહે છે. દરેક સંબંધમાં એક ઉતાર કે ચઢાવ આવે જ છે પણ દોસ્તીમાં આનું પ્રમાણ વધુ હોય છે... માલૂમ ક્યૂ? ક્યુકી દોસ્તી દિલ થી દિલનો સંબંધ છે. 'મારો ભાઈબંધ'કે 'મારી બેનપણી' આ ફિલિંગ કોઈ સિચ્યુએશન....સખાવત....સ્મૃધ્ધિ કે કોઈ શખ્શીયતનું સ્ટેટમેન્ટ નથી પણ એ તો છે દિલની ઊંડાઈથી આવતો પોકાર....! એક એવો પોકાર કે જેનો પડઘો સામે પડવો જરૂરી છે.

આ પડઘો ઈમ્પોર્ટેંટ છે દોસ્તીમાં...! મુશ્કેલીમાં આવેલા દોસ્તને મદદ ના કરી શકનાર દોસ્તની દોસ્તીની નીવ કાચી પડી શકે છે, ભલે ને એમ કહો કે આ સંબંધ નિસ્વાર્થ છે પણ એમ તો દરેક સંબંધ નિસ્વાર્થ જ છે પણ સાથે સાથે સંબંધનું મહત્વ જ ત્યારે સમજાવાનું કે જયારે એ સંબંધ પાસેથી કોઈ આશા રાખવામા આવે. દોસ્તી નિસ્વાર્થ હોય અને હોવી જ જોઈએ, જો એમાં સ્વાર્થ ભળે તો એ દોસ્તીની ઈમારત બહુ લાંબો સમય ના ટકે પણ એક દોસ્ત જ દૂસરા દોસ્તની મદદમાં આવવાનો અને જો એવા સમયે એ દોસ્ત પાછીપાની કરે કે કામમાં ના આવે તો પત્યુ...! રૂમના બંધ બારણા પર અંગ્રેજીમાં લખેલું 'ડોન્ટ ડીસ્ટર્બ, આઈ એમ હર્ટ'. વાંચીને ઘણા લોકો જતાં રહે પણ ભાઈબંધ તો દરવાજાને પાટું મારીને ખોલતા જ રૂમમાં દાખલ થતા બોલી ઉઠે છે 'આ બહાર શું અંગ્રેજીમાં ચોંટાડ્યુ છે... કઈ ખબર ના પડી' ને પછી હળવેથી પેલાની આંખમાં આંખ નાખીને પૂછી લ્યે છે 'શું થયું બોલ તો ? 'આ થયો નિસ્વાર્થ દોસ્તપ્રેમ અને એક દોસ્તની બીજા દોસ્ત પાસેથી વગર કહયી અપેક્ષાઓ..! હવે આને તમે સ્વાર્થ કહો કે નિસ્વાર્થ પણ હકીકત એ છે કે દુખમાં - મુશ્કેલીમાં - તકલીફમાં - સંકટમાં એક દોસ્ત બીજા દોસ્તની જ મદદ માંગવાનો અને જો એમાં સામેનો કાચો પડે તો પછી હો રહી દોસ્તી..!

દોસ્તી... આ એક જ સંબંધ એવો છે જે માણસ પોતે જાતે બનાવે છે, બાકી લગભગ બીજા બધા જ સંબંધો એને રેડિમેડ કે અગાઉથી મળે છે. માં-બાપ-કાકા - ભાઈ-બહેન ઈટીસી ઈટીસી જેવા સંબંધો એવા છે કે એ તમારા જન્મતા જ તમારી સાથે જોડાઈ જાય છે, એમ કહો ને કે તમારા જન્મના પેકેજમાં આ બધા રિલેશન્સ સામેલ હોય જ છે પણ દોસ્તી એક જ એવો સંબંધ છે જેના હોવા કે ના - હોવા પર સમ્પૂર્ણ અખ્ત્યિાર તમારો એકનો જ હોય છે એટ્લે જ કહે છે ને કે તમે કેવા દોસ્ત બનાવો છો કે પછી તમારો દોસ્ત કેવો કે કેવી નીકળે છે એના એકમાત્ર જિમ્મેવાર તમે પોતે જ છો. જી હા દોસ્ત કેવો અને કોને બનાવવો એ તો આપણા પર જ છે. 'અમાં મીલા લો હાથ, સિકંદરને જિંદગીમે બહોત કમ લોગો સે હાથ મિલાયા હૈ '' બીગ બી ના આ જોરદાર ડાયલોગ જેવું જીંદગીમાં બને... અને ખાસ કરીને દોસ્તોની બાબતમાં. ખબર નહીં પણ દોસ્તી કદાચ સંબંધોની ડિકશનરીનો એકમાત્ર એવો શબ્દ છે કે એ જેટલો સરળ છે એટલો કન્ફ્યુસ કે કોમ્પ્લિકેટેડ પણ છે જ. કોમ્પ્લિકેટેડ ઈન ધ ટર્મ્સ કે દોસ્તો અચાનક મળી જતાં હોય છે...અચાનક બની જતાં હોય છે... બે સામેસામાં ધ્રુવ જેવા લોકો પણ દોસ્ત બની જતાં હોય છે અને ખાલી બની જતાં જ નહીં પણ તાઉમ્ર દોસ્તી નિભાવી પણ શકતા હોય છે...!

મનુષ્ય સામાજિક પ્રાણી છે એની ના નહીં પણ એ કાઈ આખી જિંદગી એકલો એકલો જીવી ના શકે. અને દોસ્તી સિવાયના બીજા સંબંધો માં ઓછીવત્તિ મર્યાદા - માન - અંતર રહેવાના એવામાં દોસ્ત અને દોસ્તી આ સંબંધ એવો છે જ્યાં કોઈ બંધન નથી - કોઈ ફોર્માલીટી નથી - કોઈ પૂર્વભૂમિકા બાંધવાની જરૂર નથી...! દોસ્તી માં બંધન નહીં પણ મોકળાશ હોવી જોઈએ... દોસ્ત સાથે વાત કરતી વખતે શબ્દો ગોઠવવા ના પડે એ તો જેવુ હોય એવું ધડાધડ છૂટવા જ માંડે અને સાચો દોસ્ત પણ એ જ કહેવાય કે એ આ ગોઠવ્યા વગરની વાતને પણ ઉકેલી શકે. દોસ્તીની ડિક્શનરીના શબ્દો અલગ હોય અને એને ઉકેલી શકે - વાંચી શકે - સમજી શકે એ દોસ્તી જ લાંબો સમય ચાલે, ટકે, વિકસે, મહેકતી રહે...! દોસ્તીમાં ટુ ધ પોઈન્ટ ચાલુ જ પડી જવાનું હોય અને દોસ્તે સાંભળવું જ પડે અને વાત પૂરી કર્યા પછી 'કોઈને કહેતો નહિ કે કહેતી નહિ 'એવું કહેવાનું ના હોય ! બીકોઝ દોસ્તી એટલે જ વિશ્વાસ...દોસ્તી એટલે જ ભરોસો...અને દોસ્તો સાથે થયેલી વાતો એટલે એક એવો દસ્તાવેજ જેમાં સહી સિક્કાની જરૂર નહિ, જેમાં સાક્ષીની સહીઓની જરૂર નહિ, જેની પર લખવું ના પડે કે 'કોન્ફિડેન્શિયલ'!

અને સાલું આ દોસ્તીનું પણ અજીબ છે. ઘણા દોસ્તો એવા ઉત્તર-દક્ષિણ જેવા સ્વભાવવાળા હોય પણ દોસ્તી... ટકાટક હોય. ઘણા આમિર - ગરીબ ને પણ દોસ્તો બનતા જોયા છે, ઘણા પ્રતિભાની દ્રષ્ટિએ વધતાં-ઓછા ને પણ દોસ્તીની દિલેરી માણતા જોયા છે. બે દોસ્ત હોય તો પૈસા ગૌણ થઈ જાય.દોસ્તીમાં આવક જાવકનું રજીસ્ટર નથી રખાતું. દોસ્તીમાં જમા-ઉધાર જેવું કઈ છે જ નહિ.હેન્સ પ્રુવ્ડ કે દોસ્તી અમીરી - ગરીબી - ધન - દોલત - અક્કલ - ગમાર જેવી વાતોમાં નહો પણ ડાયરેક્ટ દિલ ટુ દિલના કનેક્શનથી કનેકટેડ હોય છે. એમ તો દોસ્તીમાં લિંગભેદ પણ નથી હોતો. 'એક લડકા ઔર એક લડકી કભી દોસ્ત નહીં હો શકતે 'આવા બોલીવુડિયા ડાયલોગ ફિલ્મમાં સારા લાગે બાકી હકીકતમાં તો દોસ્તીમાં ક્યાં લડકા ઔર ક્યાં લડકી હેઈઈન...! બે છોકરાઓ-પુરુષો વચ્ચેની અને બે છોકરીઓ-સ્ત્રીઓ વચ્ચેની દોસ્તીમાં ભેદ પડે જ નહિ કેમકે દોસ્તીમાં ભેદભાવ નથી હોતો. દોસ્તીમાં અમીર-ગરીબ પણ ક્યાં હોય છે?

બાકી તો સાચો મિત્ર અને ખરાબ મિત્ર એ બધુ તો સંજોગોની વાતો છે. સ્વાર્થી મિત્ર કે મતલબી મિત્ર તરત થોડો ઓળખાઈ જવાનો ? એના માટે તો એવી કોઈ સિચ્યુએશન સુધી રાહ જોવી પડે અને એ પછી પણ ઘણા 'જા તુઝે માફ કિયા' મોડમાં પણ આવી જતાં હોય છે. આ તો ટ્રાયલ એન્ડ એરર મેથડ જેવુ છે. ખબર થોડી હોય છે કે કોણ કેવું નીકળશે ? પણ શું છે કે તમારા વાયબ્રેશનની સામે સેમ વાયબ્રેશન નીકળે તો સમજો કે દોસ્તી પક્કી...! પણ નીકળે જ એવું કોઈ કહી ના શકે. એટ્લે જ મહાત્મા એમર્સન કહે છે તેમ 'તમે સાચો મિત્ર ના મેળવી શકો તો તેને દુર્ભાગ્ય ગણવાને બદલે તમે જાતે જ કોઈકના સાચા મિત્ર બનો ! તમે જ્યારે એક સાચા મિત્ર બનો છો ત્યારે તમને વહેલી કે મોડી સાચી મિત્રતા પ્રાપ્ત થયા વગર રહેતી નથી.' આપણી ગુજરાતીમાં પણ કહેવાયું જ છે ને કે 'મિત્રતા પામતા પહેલા મિત્ર બનતા શીખો 'હેપ્પી મિત્રતા દિવસ!'